Club ID. 52203 | Charter Date 02-06-1999 | RI District 3060

UNITE FOR GOOD

RI District 3060
Rotary
Surat East

Team Achievers

# ROTARY CLUB OF SURAT EAST

## MONTHLY BULLETIN - SEPTEMBER / OCTOBER 2025

SEP-OCT 2025

# Rotary Gatha





| RI PRESIDENT | DISTRICT GOVERNOR | PRESIDENT | SECRETARY | MONTH LEADER | BULLETIN CHAIR |
| --- | --- | --- | --- | --- | --- |
| RTN. FRANCESCO AREZZO | RTN. AMARDEEP SINGH BUNET | RTN. KIRIT VANKADI | RTN. HITESH VEKARIYA | RTN. VEENA PATEL<br>RTN. YOGESH VAGHASIYA | RTN. VIPUL PANSURIYA |

PRESIDENT




RTN. KIRIT VANKADI

SECRETARY



RTN. HITESH VEKARIYA

MONTH LEADER



RTN. VEENA PATEL

MONTH LEADER



RTN. YOGESH VAGHASIYA

BULLETIN CHAIR



RTN. VIPUL PANSURIYA












01 પ્રેસીડેન્ટ સંદેશ
02 ગુરૂ વંદના 3.0
03 એક્સ્પો ટ્રેનિંગ ૨.0
04 નારી ઉત્સવ મેલા 3.0
05 મધુર વાર્તાલાપ
06 નવરાત્રી
07 શિક્ષક દેવો ભવઃ
08 ગ્રામ કલ્યાણ પ્રોજેક્ટ
09 કપલ સ્પીકર મીટીંગ
10 બોર્ડ અને જનરલ મિટિંગ
11 મીડિયા નોટ
12 બર્થ ડે સેલીબ્રેશન
13 અભિનંદન
14 સેક્રેટરી અનાઉન્સમેન્ટ
15 બુલેટીન ચેર શુભેચ્છા

# 01 પ્રેસીડેન્ટ સંદેશ

નમસ્કાર રોટેરીયન મિત્રો, આપ સૌને શુભ દિપાવલી અને નુતન વર્ષાભિનંદન, પોતાની લાઇફના અનુભવોના આધારે મોટા સ્કેલમા અને અલગ અંદાજમા સફળ પ્રોજેકટ કરવા માટે જાણીતા એવા સપ્ટેમ્બર માસના મંથ લિડર રો. વિણા પટેલની આગેવાનીમાં આપણે ગૌરવશાળી પ્રોજેકટો કર્યા તેનો ખુબજ આનંદ છે.



મિત્રો સપ્ટેમ્બર માસમાં આપણે ગુરૂ વંદના ૩.૦ કાર્યક્રમ અંતર્ગત ૧૧ શિક્ષકોનુ સન્માન કરીને કૃતજ્ઞતા વ્યકત કરી તેમજ કહેતા ગર્વ થાય કે નારી ઉત્સવ મેલા ૩.૦ દ્વારા આપણે ૧૪૦ જેટલી સ્ટોલ ધારક મહીલાઓને તેમના બિઝનેસનો વ્યાપ વધારવા માટેનુ આપણે પ્લેટફોર્મ પુરૂ પાડયુ છે અને ૧૫૦૦૦ કરતા વધારે વિઝીટર્સમાં આપણી કલબની પબ્લીક ઇમેજ ઉભી કરી શકયા છીએ. એવીજ રીતે આ વખતની નવરાત્રીમાં કલબ મેમ્બર્સની બાળાઓ દ્વારા માં દુર્ગાના અલગ અલગ રૂપોનો પહેરવેશ અને લાઇવ ઓરકેસ્ટ્રાના સથવારે રાસ ગરબાનો કંઇક અલગ જ અનુભવ કર્યો. તદઉપરાંત ઘરડાઘરની વિઝીટ અને શિક્ષક દેવો ભવઃ અને રોટરીનો સ્નેહ ૪.૦ જેવા સમાજ ઉપયોગી પ્રોજેકટ આપણી કલબ માટે ગૌરવની વાત છે.

તેમજ દિવાળીનો તહેવાર આવતો હોવા છતા ટુકાં સમયમાં ઓકટોબર માસના મંથ લિડર યોગેશભાઇ વઘાસીયાની આગેવાનીમાં આપણી કલબ દ્વારા દતક લીધેલા આંબલી, કરંજવાણ અને દેવગીરી ગામમાં ગ્રામ કલ્યાણ પ્રોજેકટ અંતર્ગત મેડીકલ કેમ્પ અને સ્ટેશનરી કીટનુ વિતરણ કરીને સેવાનુ ઉતમ ઉદાહરણ પુરૂ પાડયુ છે. તેમજ રોટરીનો સ્નેહોત્સવમાં સ્પિકર મીટીગનુ આયોજન કરી શકયા તે આનંદની વાત છે. સાથે સાથે નવેમ્બર માસના મંથ લીડર રો.અલ્પેશ ડાવરા ખુબજ સફળ અને સમાજઉપયોગી પ્રોજેકટના આયોજન કરે તે માટે શુભેચ્છા પાઠવુ છુ.



આપનો સાથી... આપનો સાથી...


**રો. કિરીટ વાંકડી**

કલબ પ્રેસીડેન્ટ રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ

RI District 3060
Rotary
Club Of Surat East

# 02 ગુરૂ વંદના ૩.૦

RI District 3060
Rotary
Club Of Surat East




રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા શિક્ષક દિવસ નીમીતે યોજાયેલા ગુરુ વંદના ૪.૦ કાર્યક્રમ અંતર્ગત, સમાજને સમર્પિત એવા વિવિધ શાળાઓના ૧૧ આદર્શ શિક્ષકોને એવોર્ડ આપી સન્માનિત કરવામા આવ્યા. આ પ્રસંગે શિક્ષણની શ્રેષ્ઠતા અને શિક્ષકની મહત્વપૂર્ણ ભૂમિકા પર વિશેષ ભાર મૂકવામા આવ્યો. કાર્યક્રમ દરમિયાન શિક્ષક તેમના ગુરુ તરીકેની જવાબદારીને સારી રીતે નિભાવી શકે અને શિષ્યને ગુણવત્તાપૂર્ણ ભણતર તેમજ નૈતિક ઘડતર કેવી રીતે કરી શકે તે અંગે શ્રી ચુનીભાઇ ગજેરા અને રો. જે.બી. પટેલ દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ગજેરા ઇન્ટરનેશનલ સ્કુલના ટ્રસ્ટીશ્રી ચુનીભાઇ ગજેરા તથા પી.પી.સવાણી સ્કુલના ટ્રસ્ટીશ્રી વલ્લભભાઇ સવાણી, તથા મૌની ઇન્ટરનેશનલ સ્કુલના ટ્રસ્ટીશ્રી રો. જે.બી. પટેલ, ડિસ્ટ્રીક્ટ ગર્વનર ડિઝી.ઇલે. રો. નિલેષ શાહ, એ.જી. રો. સંદિપ નાણાવટી તથા ડિસ્ટ્રીકટ લીટરસી ચેર શ્રી રો. શર્મીલાબેન જૈન એ વિશેષ હાજરી આપી હતી. આ કાર્યક્રમ મૌની ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયો હતો અને કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણ દ્વારા આપણી સંસ્કૃતિના વારસાને ઉજગર કરતા ભજન અને લોકગીતોનો ડાયરો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

**તારીખ**

૦૫/૦૯/૨૦૨૫, શુક્રવાર

**સમય**

સાંજે ૫:૧૫ કલાકે

**સ્થળ**

મૌની ઈન્ટરનેશલ સ્કુલ,
ઉત્રાણ.

**કાર્યક્રમના ચેરમેન**


રો. રસિક સાવલીયા
રો. રમેશ સાવલીયા






# 03 એક્સ્પો ટ્રેનિંગ ૨.૦

RI District 3060
Rotary
Club Of Surat East




આપણી રોટરી કલબમાં નારી ઉત્સવ મેલા ૩.૦ ની ભવ્ય સફળતા અને સ્ટોલ ધારકોને યોગ્ય અને જરૂરી સપોર્ટ મળી રહે તે હેતુ માટે સ્ટોલ બુકિંગ કરાવનારને સ્ટોલમાં પડતી સંભવિત મુશ્કેલીઓ માટે પહલેથી જ કેવુ આયોજન કરવુ, નાના મોટા પ્રોમ્લેમ આવે તો કઇ રીતે તે સોલ્વ કરવા, એડવર્ટાઇઝમેન્ટ, વોટસએપ માર્કેટિંગ, સ્ટોલ વિઝીટર્સની યાદી તૈયાર કરવી, વિઝીટર્સ લીસ્ટનુ ઇવેન્ટ પુરી થયા પછી ફોલાઅપ લઇને તેમાંથી બિઝનેસ કેમ મેળવવો વિગેરે તમામ પ્રકારની માહિતી સાથેની ટ્રેઇનીગ આપવા માટે એકસપો ટ્રેઇનીગ ૨.૦ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં એકસપો ટ્રેઇનર ડો. નિમેશ રામોલિયાએ સ્ટોલ ધારકોને સેલ્સ જનરેટ, ગ્રોથ અને રીટેઇન અંગેની મહત્વની માહિતી આપી હતી અને સ્ટોલ ધારકોને મુંજવતા સવાલોના જવાબ આપવામાં આવ્યા હતા.

**તારીખ**
૦૮/૦૯/૨૦૨૫, સોમવાર

**સમય**
સાંજે ૯:૦૦

**સ્થળ**
આશાદીપ આઈઆઈટી સ્કુલ, સીમાડા નાકા







**કાર્યક્રમના ચેરમેન**

પ્રોજેક્ટ ચેરમેન : રો.જતીન કથીરીયા
પ્રોજેક્ટ ચેરમેન : રો.રાહુલ સોરઠીયા

# 04 નારી ઉત્સવ મેલા ૩.૦

RI District 3060
Rotary
Club Of Surat East




મંથ લિડર રો. વિણા પટેલની આગેવાનીમા અને રો. વિજય માંગુકીયાના કો-ઓર્ડિનેશનમાં અને પ્રાજેકટ ચેરમેન રો. જતીન કથીરીયા અને રો. રાહુલ સોરઠીયાની સફળ ચેરમેનશીપ હેઠળ નાના નાના બિઝનેસ કરતી મહિલાઓને પ્લેટફોર્મ પૂરુ પાડી તેમને ધંધામા પગભર થવા માટે મદદ રૂપ થવાના મુખ્ય હેતુથી રોટરી ક્લબ ઓફ સુરત ઇસ્ટ દ્વારા ''નારી ઉત્સવ મેલા ૩.૦'' નુ ૩ દિવસનુ આયોજન સરથાણા કોમ્યુનિટી હોલ ખાતે કરવામા આવ્યુ હતુ. જેમા ૧૪૦ સ્ટોલ રાખવામા આવ્યા હતા જેમાં મહિલાઓએ તેમના બિઝનેસની પ્રોડકસનુ પ્રદર્શન અને વેચાણ કર્યુ હતુ અને ત્રણ દિવસમાં સુરતના નાગરીકો તથા અન્ય પ્રતિઠીત સંસ્થાઓના મહાનુભાવો સહિત ૧૫૦૦૦ જેટલા લાકોએ આપણા ''નારી ઉત્સવ મેળા ૩.૦' ની વિઝટ લીધી હતી. નારી ઉત્સવ મેલાના ઉદ્ઘાટન પ્રસંગે એ.જી. રો. સંદિપ નાણાવટી, મેયરશ્રી દક્ષેશ માવાણી તથા કોર્પોરેટરશ્રી ઋતાબેન ખેની અને કનુભાઈ ગેડિયા, રો.હિંમતભાઇ ધોળકીયા તથા મોટીવેટર અંકિતાબેન મુલાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

૩ દિવસ ના કાર્યક્રમ દરમિયાન રોટરી ક્લબ સુરત ઈસ્ટના હરહમેંશ સાથ આપનાર સર્વે પાસ્ટ પ્રેસીડેન્ટશ્રીઓ, સર્વે રોટેરીયન મિત્રો તથા આપણી સહયોગી સંસ્થા રોટરેક્ટ ક્લબ ઓફ સુરત ઈસ્ટ અને ઈનરવ્હીલ ક્લબ ઓફ સુરત ઈસ્ટના મેમ્બરોએ પૂરો સાથ સહકાર આપ્યો હતો. ખાસ રો.ભરત નસીત અને રો.ભરત કળથીયાએ તમામ સ્ટોલ ધારકો તથા આમંત્રિત મહેમાનો અને ક્લબ મેમ્બર્સ માટે ત્રણ દિવસ બંને ટાઇમ સ્વાદિષ્ટ ભોજનની સુંદર વ્યવસ્થા કરી હતી અને ડી ફોટો માંથી રો. ચિરાગ ત્રાપસિયાએ ખુબ સરસ ફોટોગ્રાફી કરી પ્રોગ્રામને યાદગાર બનાવ્યો હતો. અને કાર્યક્રમની પુર્વ રાત્રીએ તૈયારીના ભાગ રૂપે મોટી સંખ્યામાં રોટેરીયન મિત્રોએ હાજર રહીને ખુબજ સાથ અને સહકાર આપ્યો હતો.

| કાર્યક્રમના ચેરમેન | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|
| પ્રોજેક્ટ ચેરમેન : રો. જતીન કથીરિયા<br>પ્રોજેક્ટ ચેરમેન : રો. રાહુલ સોરઠીયા | ૧૨,૧૩,૧૪/૦૯/૨૦૨૫,<br>શુક્રવાર, શનિવાર, રવિવાર | સવારે ૧૦:૦૦ વાગ્યા થી<br>સાંજે ૧૦:૦૦ વાગ્યા | સરથાણા કોમ્યુનીટી હોલ,<br>જકાતનાકા, સુરત. |





G41
Guru Handicraft




F5
Mogal Jewellers
MOGAL

G24
MANAV VIKAS
FINSURE




Rotary

Ashirwad



# 05 મધુર વાર્તાલાપ

RI District 3060
Rotary
Club Of Surat East




રો. ભાવેશ વઘાસીયાના ધર્મપત્ની મિતલ વઘાસીયાના જન્મદિવસ નિમિતે મધુર વાર્તાલાપ ઘરડાઘરની મુલાકાતનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જે અંતર્ગત શાંતિદૂત મહિલા ઘરડાઘરમાં જઇને ત્યાં રહેતા ૧૦૦ જેટલા વડીલો સાથે મધુર વાર્તાલાપ કરીને તેમના અનુભવો સાંભળ્યા હતા. અને કેક કટીંગ, ગેમ્સ અને રમતો દ્વારા એકાંકી જીવન જીવતા વૃધ્ધ બહેનોના જીવનમાં ખુશીઓ ઉમેરવાનુ ઉમદા અને સરાહનિય કાર્ય આપણી કલબના રોટેરીય મિત્રોના ધર્મપત્નીઓ દ્વારા કરવામા આવ્યુ હતુ અને ભવિષ્યની પેઢીને ખોટા ખર્ચાઓ કરવાને બદલે સમાજ ઉપયોગી કાર્ય કરીને પણ જન્મદિવસ ઉજવી શકાય છે આવો મહત્વનો મેસેજ આપી આવનારી પેઢીને પરિવાર અને પરિવારના વૃધ્ધ વડીલો પ્રતિ લાગણીશીલ રહેવાનો મેસેજ પણ આપ્યો છે. કાર્યક્રમના અંતે સૌ બહેનોએ વૃધ્ધ વડીલો સાથે બેસીને સ્વાદિષ્ટ ભોજેન કર્યુ હતુ. કાર્યક્રમનુ સંપુર્ણ સૌજન્ય રો.ભાવેશ વઘાસીયા તરફથી આપવામાં આવ્યુ હતુ.

| તારીખ | સમય | સ્થળ |
|---|---|---|
| ૧૯/૦૯/૨૦૨૫, શુક્રવાર | બપોરે ૩:૩૦ કલાકે | શાંતિદૂત વૃદ્ધાશ્રમ, સુરત. |







કાર્યક્રમના ચેરમેન

પ્રોજેક્ટ ચેરમેન – રો ભાવેશ વઘાસિયા

# 06 નવરાત્રી

RI District 3060




મિત્રો, સમગ્ર વર્ષ દરમ્યાન જેની આપણે આતુરતાથી રાહ જોઈ રહ્યા હોઈએ છીએ તે તહેવાર એટલે નવરાત્રિ, આપણા ગુજરાતીઓની ઓળખ એટલે નવરાત્રીના ગરબા, આ નવરાત્રિમાં આપણે રોટેરી પરિવાર સાથે મળી ગરબા રમી શકે તે માટે આગવી શૈલી અને અતરંગી અંદાજમા રોટરીને સંગ નવરંગી નવરાત્રીનો ઉમંગ ના આયોજન અંતર્ગત રાસ ગરબાની રમઝટનુ આયોજન લા ફાઉન્ટન હોટેલના બેન્કવેટ હોલમાં કરવામા આવ્યુ હતુ. જેમા વિવિધ કેટેગરી જેવી કે બેસ્ટ પર્ફોમન્સ મેઈલ, ફિમેઈલ, ચાઈલ્ડ બેસ્ટ કપલ, બેસ્ટ ડ્રેસ, બેસ્ટ આરતી ડેકોરેશન કોમ્પીટીશન રાખવામા આવી હતી. જેમા સર્વે રોટેરીયન ભાઈ-બહેનોએ પરિવાર સાથે વિવિધ કોમ્પીટીશનમા ભાગ લઈને રાસ ગરબે ઘુમ્યા હતા. તેમજ કલબ મેમ્બર્સની બાળાઓ દ્વારા માં દુર્ગાના નવ દિવસના અલગ અલગ રૂપોના પહેરવેશમાં તૈયાર થઇને આવતા ભકિતમય વાતાવરણ બની ગયુ હતુ. અને તમામ પાસ્ટ પ્રસિડેન્ટશ્રીઓ અને સૌ રોટેરીયન મિત્રોએ લાવઇ ઓરકેસ્ટ્રાના સથવારે રાસ ગરબામાં ઝુમવાનો કંઇક અલૌકીક અનુભવ કર્યો હતો. ડી ફોટો માંથી રો. ચિરાગ ત્રાપસિયાએ ખુબ સરસ ફોટોગ્રાફી કરી પ્રોગ્રામ ને યાદગાર બનાવ્યો હતો.

**તારીખ**

૨૦/૦૯/૨૦૨૫, શનિવાર

**સમય**

સાંજે ૬:૦૦ કલાકે

**સ્થળ**

લા-ફાઉન્ટેન હોટલ,
પુણા-વલથાણ કેનાલ રોડ.

**કાર્યક્રમના ચેરમેન**

રો. મિલન ચાંચડ
રો. જીતુ સાસપરા























# 07 शिक्षक देवो भवः

Rotary Club Of Surat East
RI District 3060




’જો શિક્ષકને આપણે માન આપીશું તો શિક્ષક વર્ગખંડમાં મન આપશે ના વિચાર સાથે માનનીય શ્રી કાનજીભાઈ ભાલાળાની પ્રેરણાથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત અને રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટના સંયુક્ત ઉપક્રમે દર અઠવાડિયે કોઈ એક શાળામાં જઈને તે શાળાના રાષ્ટ્ર ઘડતરનુ કાર્યકર્તા કોઈ એક શિક્ષકને તેમના વિદ્યાર્થીઓની હાજરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવાનુ ખૂબ જ ઉમદા કાર્ય આપણી રોટરી કલબ તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા કરવામાં આવી રહ્યુ છે, જે અંતર્ગત આપણે...

**તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ ને શનિવાર ના રોજ હરિપ્રસાદ સ્વામી મહારાજ પ્રા. શાળા-૩૪૯, ના સારસ્વત શિક્ષકશ્રી કેતનકમાર બી. કોઠારી ને સન્માનતી કરવામાં આવ્યા**

## કાર્યક્રમના ચેરમેન

રો. ભાગવ કથીરીયા । રો. મુકેશ કાનાણી
રો. ચિરાગ રૂપારેલિયા । રો. પંકજ રામોલીયા











# 08 ગ્રામ કલ્યાણ પ્રોજેક્ટ

RI District 3060
Rotary
Club Of Surat East




આપણી ક્લબ દ્વારા "ગ્રામ કલ્યાણ પ્રોજેક્ટ" અંતર્ગત દત્તક લીધેલા એવા સુરત જિલ્લાના માંડવી તાલુકાના અંતરિયાળ વિસ્તારના કરંજવાણ, આમલી અને દેવગીરી ત્રણ ગામમાં આપણી ક્લબના ડૉક્ટર મિત્રો દ્વારા હેલ્થ ચેક-અપ કેમ્પનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમાં રો. ડો.કેતન ધામી દ્વારા દાંતની તપાસ તથા ડેન્ટલ કીટ આપવામા આવી હતી અને રો.ડો.અરવિંદ શિરોયા દ્વારા ઓર્થોપેડીક ચેકઅપ કરવામા આવ્યુ હતુ. આ કેમ્પમાં જરૂરી દવાઓનુ અનુદાન રો. મગન ધોરાજીયા તરફથી મળ્યુ હતુ. જેમાં ત્રણ ગામના મળીને કુલ ૧૦૯ પરિવારના ૨૦૦ જેટલા લોકો તથા ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓનુ મેડિકલ કેમ્પ થકી ચેક-અપ કરીને જરૂરી દવાઓ આપીને તમામને કપડા, મોજા, મીઠાઈ, ટૂથપેસ્ટ અને બ્રશ, નમકીન, ચા પેકેટ, ફટાકડા, સ્કૂલ બેગ, નોટબૂક, સ્ટેશનરી વિગેરેની એક-એક કીટનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. ત્રણે ગામ સુરતથી ખુબજ દૂર હોવા છતા મોટી સંખ્યામા રોટેરિયન મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેક્ટનુ સફળ અને સુંદર આયોજન પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર રો. ડો.અતુલ પટેલ તથા પ્રોજેક્ટ ચેરમેન રો. વિશાલ સોજીત્રા અને રો. ડો.કેતન ધામીએ કર્યુ હતુ.

**કો-ઓર્ડિનેટર**

રો. ડો. અતુલ પટેલ

**કાર્યક્રમના ચેરમેન**


રો. વિશાલ સોજીત્રા
રો. ડો. કેતન ધામી






# 09 કપલ સ્પિકર મીટીંગ

Rotary
Club Of Surat East
RI District 3060





દિવાળીના દિવસોમાં સૌ રોટેરીયન મિત્રો ધંધા-વ્યવસાયના હિસાબા તથા નવા વર્ષની શરૂઆતમાં વેકેશનમાં પરિવાર સાથે હરવા-ફરવા જવા તથા ધાર્મિક પ્રસંગો, લગ્ન પ્રસંગોમાં વ્યસ્ત થાય એ પહેલા પરિવાર સાથે મળીને આનંદ ઉલ્લાસથી લાગણી અને હુંફથી એકબીજાની સાથે હળી મળી જૂની યાદો વાગોળી શકીએ તે હેતુથી કપલ સ્પિકર મીટીંગનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

જે અંતર્ગત સૌ રોટેરીયન મિત્રોએ સ્વાદિષ્ટ ભોજનની મજા માણી હતી અને ત્યારબાદ સ્પિકર એવા રો. ડો.રવિન્દ્ર કોરાટ દ્વારા ખુશી આપનો ધ્યેય હોવો જોઈએ અને તે કેવી રીતે મેળવી શકાય અને ફર્ટિલિટી અને સ્ત્રીઓની હેલ્થ વિષય ઉપર સુંદર મજાનુ માર્ગદર્શન આપ્યુ હતુ અને રોટેરીયન મિત્રોના પ્રશ્નોના જવાબો આપી તેમની મુંજવણ દુર કરી હતી. કાર્યક્રમનુ સંપૂર્ણ સૌજન્ય રો. ડો.રવિન્દ્ર કોરાટ દ્વારા આપવામાં આવ્યુ હતુ.

**ચેરમેન**

**રો. કિશોર નાગેશ્રી**
**રો. ભરત નસીત**











RI District 3060
Rotary
Club Of Surat East

# 10 બોર્ડ અને જનરલ મિટિંગ

૧૧/૦૯/૨૦૨૫ ગુરુવાર



૧૦/૦૯/૨૦૨૫ બુધવાર





# 11 મીડિયા નોટ



રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ ગુરુ વંદના ૩.૦ આઉટસ્ટેન્ડિંગ એજ્યુકેટર એવોર્ડ તરીકે ૧૧ શિક્ષકોને એવોર્ડથી સન્માનિત કરાયા.

દેશી ભજનોની લોકપ્રિય ગાયિકા વિજયાબેન વાઘેલા



રાજેશ પામેલિયાનું 'આઉટસ્ટેન્ડિંગ એજ્યુકેટર એવોર્ડ'થી સન્માન



મોતિશ્રી ટાઈમ્સ

BREAKING NEWS


Date-19-09-2025



સુરત 20-09-2025

રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા નારી ઉત્સવ મેલા કાર્યક્રમ

સરથાણા કોમ્યુનિટી હોલ ખાતે આયોજન



રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા નારી ઉત્સવ મેળો



ઈન્ડિયા હાઈલાઈટ

Since 2002

INDIA HIGHLIGHT NEWSPAPER

સાક્ષાત નવ માતાજીના સ્વરૂપે નવરંગી નવરાત્રી રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા ઉજવવામાં આવી

# 12 બર્થ ડે સેલીબ્રેશન

RI District 3060
Rotary
Club Of Surat East

| DATE | NAME |
|---|---|
| 01-09-2025 | Rtn. Bharat Jivani |
| 01-09-2025 | Rtn. Vasantbhai Gajera |
| 04-09-2025 | Rtn. Bhavesh Vaghasiya |
| 04-09-2025 | Rtn. Dineshbhai Vaghasiya |
| 11-09-2025 | Rtn. Rohit Bhalala |
| 11-09-2025 | Rtn. Bharat Kalathiya |
| 13-09-2025 | Rtn. Vishal Sojitra |
| 20-09-2025 | Rtn. Amirat Lukhi |
| 21-09-2025 | Rtn. Nitinkumar Dhameliya |
| 21-09-2025 | Rtn. Nupoor Nimbark |
| 22-09-2025 | Rtn. Mahendra Nakrani |
| 24-09-2025 | Rtn. Rasik Joshi |
| 25-09-2025 | Rtn. Bharti Patel |
| 27-09-2025 | Rtn. Haresh Dhaduk |
| 28-09-2025 | Rtn. Hitesh Hirpara |
| 30-09-2025 | Rtn. Kishor Nageshri |
| 02-10-1983 | Rtn. Dharmeshbhai Savaliya |
| 07-10-1983 | Rtn. Manhar sasapara |
| 08-10-1983 | Rtn. Jagdishbhai Kachhadiya |
| 10-10-1983 | Rtn. Miteshbhai Padaliya |
| 13-10-1983 | Rtn. Haresh Kheni |
| 16-10-1983 | Rtn. Bhagirath Dhameliya |
| 18-10-1983 | Rtn. Ravindra Korat |
| 19-10-1983 | Rtn. Amulakh Savani |
| 20-10-1983 | Rtn. Mansukh Patel |



# 13 અભિનંદન














SEPTEMBER MONTH SUPPORTIVE BOD




OCTOBER MONTH SUPPORTIVE BOD

# 14 સેક્રેટરી એનાઉન્સમેન્ટ

RI District 3060
Rotary
Club Of Surat East

નમસ્કાર રોટેરીયન મિત્રો, મહત્વના અને સફળ એવા પ્રોજેકટ કરી શકયા છીએ તે માટે આપ સૌ રોટેરીયન મિત્રો, તમામ પ્રોજેકટ ચેરમેનશ્રીઓ અને મંથ લીડર રો.વિણા પટેલ અને રો.યોગેશ વઘાસીયા નો હદયના ઉમળકા થી આભાર વ્યકત કરું છું

રોટરી કલબ ઓફ સુરત ઇસ્ટના સેકેટરી પદે જુલાઇ, ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓકટોબર ૪ માસ દરમિયાન અંદાજે ૨૫ થી ૩૦ પ્રોજેકટો કરેલ છે આ તમામ પ્રોજેકટોમાં જે પણ રોટેરીયન મિત્રોએ પ્રોજેકટ ચેરની જવાબદારી નિભાવી છે તે તમામ પ્રોજેકટ ચેરનો દિલથી ખુબ ખુબ આભાર વ્યકત કરૂ છું તથા આ  જુલાઇ, ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓકટોબર માસ દરમિયાન મંથ લીડર તરીકે જેઓએ જવાબદારી સ્વીકારી તેવા મંથ લીડરો રો.નિતીન ધામેલીયા, રો.ભાર્ગવ કથીરીયા, રો.વીણા પટેલ તથા રો.યોગેશ વઘાસીયાનો પણ દિલથી આભાર વ્યકત કરૂ છુ જે પણ મિત્રોએ ઉપરોકત તમામ પ્રોજેકટમાં ખુબ જ સાથ સહકાર આપેલ છે તેવો તમામ રોટેરીયન મિત્રો તથા યુનાઇટ બોર્ડના તમામ મિત્રોના સાથ સહકાર મળેલ છે તે તમામ મિત્રોનો હું દિલથી આભાર વ્યકત કરૂ છુ. મારા તમામ રોટેરેયીન મિત્રોને દિવાળી તથા નવા વર્ષની શુભ કામના પાઠવુ છુ તથા દિલથી તમામ મિત્રોને હેપ્પી દિવાળી તથા હેપ્પી ન્યુ યર...



આ ઉપરાંત રોટરી કલબ ઓફ સુરત ઇસ્ટના સેકેટરી તરીકે જુલાઇ, ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓકટોબર ૪ માસ દરમિયાન થયેલ પ્રોજેકટો પ્યારી સી મુસ્કાન,, રોટરી નો સ્નેહ ૧.૦, વૃક્ષારોપણ, ત્રિરંગા યાત્રા,  સ્વાતંત્ર્ય દિનની ઉજવણી,  રોટરી નો સ્નેહ ૨.૦,  જન્માસ્ટમી, ગુરૂ વંદના ૩.૦, નારી ઉત્સવ મેલા ૩.૦, નવરંગી નવરાત્રી, રોટરીનો સ્નેહ ૩.૦ મધુર વાર્તાલાપ,  રોટરીનો સ્નેહ ૪.૦, ગ્રામ કલ્યાણ પ્રોજેકટ તથા સ્વેટર વહેંચણી વિગેરે કાર્યક્રમોમાં તમામ મિત્રોએ આર્થિક સહયોગ આપીને તે પ્રોજેકટોમાં મીઠાસ પુરવા બદલ રોટરી કલબ ઓફ સુરત ઇસ્ટના સેકેટરી તરીકે તમામ મિત્રોનો આભાર વ્યકત કરૂ છુ તથા તમામ મિત્રોને દિવાળી તથા નવા વર્ષની શુભ કામના પાઠવુ છુ તથા દિલથી તમામ મિત્રોને હેપ્પી દિવાળી તથા હેપ્પી ન્યુ યર...

આપનો સાથી..


**રો. હિતેશ વેકરીયા**

કલબ સેક્રેટરી રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ




# 15 બુલેટીન ચેર શુભેચ્છા

નમસ્કાર રોટેરિયન મિત્રો દિવાળીના તહેવાર પર ધંધા-વ્યવસાયના હિસાબો, તથા નવા વર્ષની શરૂઆતમાં વેકેશનમાં પરિવાર સાથે હરવા-ફરવા જવા તથા ધાર્મિક પ્રસંગો, લગ્ન પ્રસંગોની વ્યસ્તતાને કારણે આપણી કલબ દ્વારા દિવાળી મહિનામાં પ્રોજેકટ ઓછા થતા હોય છે. તેમજ આ વર્ષે ઓકટોબર માસના મધ્યમાં દિવાળીનો તહેવાર આવતો હોવાથી સપ્ટેમ્બર માસના બુલેટીનની સાથે ઓકટોબર માસને આવરી લઇ દિપાવલી અંક તૈયાર કરેલ છે. જે આપની સમક્ષ રજુ કરતા આનંદ અને ગર્વની લાગણી અનુભવી રહ્યો છુ. મિત્રો દિપાવલી આવી રહી છે ત્યારે એડિટર ડેસ્ક પરથી આપ સૌને શુભ દિપાવલી અને નવા વર્ષની ખુબ ખુબ શુભેચ્છાઓ. આપ સૌ તથા આપનો પરિવાર હંમેશા ખુશ, તંદુરસ્ત અને સમૃદ્ધ રહો એવી અંતર મનથી શુભેચ્છાઓ. મિત્રો દિપાવલી એટલે સ્વચ્છતા સાફ-સફાઈ કરવાનુ પર્વ, હિસાબ-કિતાબ કરવાનું પર્વ અને દિપાવલી એટલે પ્રકાશનુ પર્વ, તો આવો મિત્રો આપણે આ દિપાવલીએ સંબંધો ઉપર ચડેલી ધુળના ધૂંહ જાળા કરીને તંદુરસ્ત સંબંધો સ્થાપિત કરીએ. જીવનમાં રહેલી નકારાત્મકતાઓ, ક્રોધ, દ્વેશ, ઈર્ષા, લોભ-લાલચને ત્યજી સકારાત્મકતા, માફી, આનંદ, પ્રેમ અને સંતોષને આત્મસાત કરીને સુખના ખાતાને શ્રી પૂરાંતથી છલોછલ ભરીએ. અજ્ઞાન, નિરાશા, દરિદ્રતા, દુઃખ, પીડા, તકલીફોના અંધકારને દૂર કરવા જ્ઞાન, આશા, સમૃદ્ધિ, સુખ અને સર્જનાત્મકતાનો દિપ પ્રજવલિત કરીને જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદનો પ્રકાશ પાથરીએ. આપ સૌ રોટેરીયન મિત્રોને આ દિપાવલી સ્પેશ્યલ અંક ગમશે એવી અપેક્ષા સહ



વિપુલ પાનસુરીયા
બુલેટીન ચેર

## Happy Diwali & Happy New Year

## THE FOUR WAY TEST

THE FOUR WAY TEST OF THE THINGS WE THINK, SAY OR DO
વાણી, વિચાર અને વર્તનની ચતુર્વિધ કસોટી

1) Is it the truth?
શું તે સત્ય છે?

2) Is it fair to all concerned?
શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે ઉચિત છે?

3) Will it build goodwill and better friendship?
શું તે શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી બાંધી શકશે?

4) Will it be beneficial to all concerned?
શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે લાભદાયી નીવડશે?

UNITE FOR GOOD

RI District 3060 Rotary Surat East

Team Achievers


+91 97145 25888
rotarysurateast@gmail.com
Rotary Club Of Surat East
rotary_club_of_surat_east
rotarysurateast


BROCHURE DESIGN & PRINTING 8200007917 | 7567902287